ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૩ અંક ૨૨૨ તારીખ ૨૦-૦૫-૨૦૧૭ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા







## મેટલ અને આઈટી શેરોમાં ફરી એક વખત ખેલાડીઓનું આકર્ષણ

ગયા અંકમાં દર્શાવ્યું હતું કે નિફ્ટી હવે બાહુબલિ છલાંગ લગાવશે અને તે મુજબ જ સેન્સેક્સ અને નિફ્ટીમાં ગયા અઠવાડિયા દરમ્યાન સુંદર ઉછાળો જોવા મળ્યો હતો. નિફ્ટીએ મક્કમતાપૂર્વક ૯૫૦૦નું લેવલ પસાર કરી નાંખ્યું અને તેવી જ રીતે સેન્સેક્સમાં પણ ૩૦૬૫૦નું લેવલ પસાર થઈ ગયું હતું અને આ વખતે મેટલ અને આઈટી શેરોમાં ફરી એક વખત ખેલાડીઓનું આકર્ષણ વધ્યું છે.

કેન્દ્ર સરકાર અને સીબીઆઈ દ્વારા લાલુપ્રસાદ અને ચિદમ્બરમ સામે પગલાં લેવાયા અને આ દરોડા પછી વિરોધપક્ષોનો અવાજ દબાવી દેવાનો પ્રયત્ન સરકાર કરી રહી છે તે બૂમરાણ ચાલુ થઈ હતી. તેમ છતાં કેન્દ્ર સરકારનાં આ પગલાં અંગે પ્રજામાં કોઈ જ પ્રકારનો વિરોધ નથી દેખાતો અને વિવિધ રાજકીય નેતાઓએ જે રીતનો અગાઉ ભ્રષ્ટાચાર કર્યો છે તેને કારણે કેન્દ્ર સરકાર દ્વારા આ પ્રકારે પગલાં લેવાય તે પ્રજાને અંદર ખાને ખૂબજ ગમી રહ્યું છે અને તેથી આગામી દિવસોમાં બેનામી પ્રોપર્ટીઓ સામેનાં પગલાંઓ વધારે તીવ્ર બને તે સંભાવના મજબૂત છે.

### ચોમાસું સંતોષકારક થાય તે આશાવાદ મજબૂત

નોટબંધીને કારણે અનેક નવા કરદાતાઓએ રિટર્ન ભર્યા છે અને તેથી તેને કારણે સરકારની કરવેરાની આવકો વધે તે સંભાવના મજબૂત છે. ચોમાસા અંગે મજબૂત પ્રગતિ શરૂ થઈ ગઈ છે અને આંદામાન અને નિકોબારના દરિયાકિનારે ચોમાસાનું આગમન થઈ ગયા પછી ૧લી જૂને કેરલના દરિયાકિનારે ચોમાસાની પધરામણી થઈ જશે તે સંભાવના છે અને તે પછી ગુજરાતમાં જુલાઈના પ્રથમ અઠવાડિયામાં ચોમાસું શરૂ થાય તે સંભાવના મજબૂત છે. અત્યાર સુધી કેન્દ્ર સરકારના હવામાન ખાતાએ ચોમાસું ૯૮ ટકાથી ૧૦૬ ટકા વચ્ચે બેસસે તેવો અંદાજ આપ્યો છે જેની સરખામણીમાં સ્કાયમેટ દ્વારા થોડો નીચો અંદાજ અપાયો છે. પરંતુ એકંદરે આ વખતે ચોમાસું સંતોષકારક થાય તે આશાવાદ મજબૂત છે.

આંતરરાષ્ટ્રીય સ્તરેથી પણ પોઝિટીવ સમાચારો આવતા જાય છે. ગયા અઠવાડિયા દરમ્યાન આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રૂડ તેલ સહેજ વધીને ૪૯ ડોલર ઉપર આવ્યું છે અને સતત છઠ્ઠા અઠવાડિયા દરમ્યાન અમેરિકાના ક્રૂડ ઓઈલના સ્ટોકમાં ઘટાડો જોવાતાં તેને કારણે ક્રૂડના ભાવ થોડાં વધ્યા છે. ચાણક્યના કોમોડિટી એનાલિસિસમાં ગયા અઠવાડિયે ક્રૂડ તેલ બોટમઆઉટ થશે તેવું એનાલિસિસ અપાયું હતું અને બરાબર તે મુજબ જ ક્રૂડ તેલમાં અપટ્રેન્ડ શરૂ થયો છે અને આગામી દિવસોમાં પણ ક્રૂડમાં આ રીતે અપટ્રેન્ડ ચાલુ રહેશે અને ક્રૂડ લગભગ ૫૨ ડોલર આસપાસ આવે તેવી સંભાવના આવતાં થોડાં અઠવાડિયા માટે દેખાય છે.

અમેરિકામાં ઔદ્યોગિક ઉત્પાદન એપ્રિલ મહિના દરમ્યાન ૧ ટકાની વૃદ્ધિ દર્શાવે છે જ્યારે અર્થશાસ્ત્રીઓને ઔદ્યોગિક ઉત્પાદનમાં ૦.૪ ટકાનો વધારો થશે તેવો અંદાજ હતો. આ વખતના ઔદ્યોગિક ઉત્પાદનના આંકડાઓમાં બેલેન્સ વૃદ્ધિદર જોવા મળ્યો છે અને ખાસ કરીને કન્ઝયુમર પ્રોડક્ટો અને એફએમસીજી પ્રોડક્ટોની માંગમાં મજબૂત વૃદ્ધિ છે. ઓટોમોબાઈલ અને ઓટો એન્સિલરીના ઉત્પાદનમાં પણ સુંદર વૃદ્ધિદર જોવા મળ્યો છે અને તેવી જ રીતે ડિફેન્સ પ્રોડક્ટના વેચાણો પણ વધ્યા છે. ખાણોનું ઉત્પાદન માર્ચ મહિનામાં જ ૦૪ ટકા ઘટ્યું હતું જે એપ્રિલ મહિનામાં ૧.૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે અને તેવી રીતે યુટિલિટી સર્વિસમાં પણ ૦.૭ ટકાનો વધારો થયો છે. અમેરિકાનું ફેક્ટરી ઉત્પાદન છેલ્લાં ૪માંથી ૩ મહિના વધ્યું છે.

અમેરિકામાં ઔદ્યોગિક ઉત્પાદનમાં મેન્યુફેકચરિંગ સેક્ટરમાં સને ૨૦૧૫માં નબળો તબક્કો જોવાયો હતો પરંતુ હવે સને ૨૦૧૭માં ઔદ્યોગિક ઉત્પાદનમાં મજબૂત બાઉન્સ બેક શરૂ થઈ ગયું છે. પરંતુ ડોલર મજબૂત થઈ રહ્યો હોવાથી વિદેશી માર્કેટમાં અમેરિકાની પ્રોડક્ટો ખૂબજ મોંઘી પડે છે અને તેથી હાલના તબક્કે ડોલરને કારણે અમેરિકામાં ઔદ્યોગિક વૃદ્ધિદર થોડોક નબળો છે.

સામે પક્ષે હાઉસિંગ સેક્ટરમાં એપ્રિલ મહિના દરમ્યાન ૧૨.૬૦ લાખ ઘરોની પરમીટ લેવાઈ હતી અને એનાલિસ્ટોને પણ ૧૨.૬૦ લાખની વૃદ્ધિ જોવા મળશે તેવી અપેક્ષા હતી. તેમ છતાં વાર્ષિક વૃદ્ધિદરની સરખામણીમાં એપ્રિલ મહિના દરમ્યાન હાઉસિંગ સેક્ટરમાં ઓછો વૃદ્ધિદર જોવા મળ્યો છે. સામે પક્ષે માર્ચ મહિના દરમ્યાન તો નવા ઘરોની પરમીટમાં ૬.૬ ટકાનો ઘટાડો થયો હતો. એનાલિસ્ટોના મંતવ્ય મુજબ અમેરિકન અર્થતંત્ર માટે હાઉસિંગ કન્સ્ટ્રક્શન એ ખૂબજ મજબૂત પાસું છે અને એમ્પ્લોયમેન્ટ દરમાં ઝડપી સુધારો હોવાને કારણે અને બેરોજગારીનું લેવલ ખૂબ નીચું હોવાથી અનેક અમેરિકનો નવા ઘરોની શોધ કરી રહ્યા છે.

ગયા અઠવાડિયા દરમ્યાન અમેરિકામાં ડાઉજોન્સમાં મજબૂત ઉછાળો જોવાયા પછી ડોનાલ્ડ ટ્રમ્પ અંગેના ભયને કારણે ડાઉજોન્સમાં મોટું કરેક્શન આવ્યું હતું અને ડાઉજોન્સ ગયા અઠવાડિયા મધ્યમાં ૧ સેશનમાં ૩૬૮ પોઈન્ટ ઘટ્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયાને માહિતી પહોંચાડવાના આક્ષેપ પછી અને રશિયાના પ્રમુખ અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે પણ કંઈક અયોગ્ય સંબંધ હોવાની વાતો પાછળ બજારમાં થોડીક અનિશ્ચિતતા ઊભી થઈ છે. સામે પક્ષે ઉત્તર કોરિયા દ્વારા પણ પરમાણુ પરિક્ષણ કરી દેવાયું અને વિવિધ દેશોમાં રેન્સમવેર વાઈરસને કારણે કોમ્પ્યુટર સિસ્ટમમાં અનેક મુશ્કેલીઓ ઊભી થઈ છે અને આ વાઈરસ પણ ઉત્તર કોરિયા દ્વારા જ તૈયાર કરાવાયો હોય અને ફેલાવાયો હોય તે આક્ષેપ અત્યારે થઈ રહ્યો છે. આમ, આગામી દિવસોમાં ઉત્તર કોરિયાના મુદ્દાને કારણે સેન્સેક્સ, નિફ્ટી અને વિશ્વભરનાં શેરબજારોમાં વધઘટનું પ્રમાણ તીવ્ર રહે તેવી ગણતરી છે.

ટેકનિકલ રીતે જોઈએ તો ગયા અઠવાડિયે સેન્સેક્સ અને નિફ્ટીએ સુંદર ઉછાળો બતાવ્યા પછી એક મહત્ત્વના રેઝિસ્ટન્સ ઉપર બંને ઈન્ડેક્સો આવી ગયા છે અને તેથી આ લેવલથી શરૂ થયેલું પ્રોફીટ બુકીંગ ટૂંકજીવી રહે છે કે પછી લાંબુ ચાલે છે તે જોવું રહ્યું. પરંતુ ભારતીય અર્થતંત્રમાં અત્યારે સારા ચોમાસાને કારણે બજારનો અન્ડરટોન મક્કમ રહેવાની ગણતરી છે અને સાથે સાથે રિટેલ ઈન્વેસ્ટર આઈપીઓને કારણે બજારમાં વધુ ને વધુ પ્રમાણમાં થઈ ગયો હોવાથી તેમની પણ સેકન્ડરી માર્કેટમાં લેવાલી સતત ચાલુ રહેશે અને તે પાછળ પણ બજારમાં આકર્ષણ રહે તેવી ગણતરી છે.

ઓઈલ અને ગેસ સેક્ટરમાં ગયા વર્ષ દરમ્યાન **એચપીસીએલ** અને **બીપીસીએલ**ના શેરોમાં ખૂબ સુંદર ઉછાળો જોવા મળ્યો હતો. પરંતુ હવે મોટા રોકાણકારોનું ફોકસ રૂ. ૪૪૨ના **ઈન્ડિયન ઓઈલ**ના શેર ઉપર શિફ્ટ થાય તેવી ગણતરી છે અને ઈન્ડિયન ઓઈલનો શેર શોર્ટટર્મ માટે લેવાને બદલે ૧૮થી ૨૪ મહિના માટે લેવાનો છે તે રીતે જ લેજો અને રૂ. ૪૪૨વાળા આ શેરમાં આગામી સમયગાળામાં તમને ઘણું સુંદર રિટર્ન મળી શકશે.

તેવી જ રીતે **પેટ્રોનેટ એલએનજી**ના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે. ભારતમાં એલએનજી ગેસની આયાતો ખૂબજ ઝડપથી વધી છે અને રાસ ગેસ સાથે પેટ્રોનેટ એલએનજીએ લાંબાગાળાના જે કરાર કર્યા છે તેનો ફાયદો આ કંપનીની બોટમલાઈન ઉપર હવે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. આમ, એક તરફ એલએનજીનું વેચાણ વોલ્યુમ વધ્યું છે અને બીજી તરફ નફાનો માર્જીન પણ ખૂબ વધ્યો છે અને તેથી નફો ખૂબ સારો આવશે. અત્યારના રૂ. ૪૪૪ના ભાવે રોકાણ કવર કરતા જવાય.

**બીપીસીએલ** અને **એચપીસીએલ**ના શેર એમ જોઈએ તો છેલ્લાં સમયમાં સારા એવા વધ્યા છે અને તેમ છતાં હજી આ બે શેરમાં માર્ચ ક્વાર્ટરના પરિણામના સપોર્ટ સાથે ભાવમાં મોટી વૃદ્ધિની ગણતરી છે.

જે રીતે છેલ્લાં ૬ મહિના દરમ્યાન **ઈન્દ્રપ્રસ્થ ગેસ**ના શેરમાં રોકાણકારોને સુંદર રિટર્ન મળ્યું છે તેવું રિટર્ન આગામી દિવસોમાં **મહાનગર ગેસ**ના શેરમાં મળી શકશે અને તેથી મહાનગર ગેસનો શેર આ ભાવે નાના લોટમાં કવર કરતા જવાય અને તે જ પ્રકારે સુરત અને ભરૂચને પાઈપલાઈન દ્વારા ગેસ સપ્લાય કરતી **ગુજરાત ગેસ**નો શેર પણ ધ્યાનમાં રાખવો ખૂબજ સલાહભરેલ છે.

રૂ.૯૨ના ભાવે મળી રહેલો **ગલ્ફ પેટ્રો**નો શેર પણ અત્યારના ભાવે આકર્ષક છે અને તે શેરમાં પણ મજબૂત વૃદ્ધિની જગ્યા છે. જ્યારે રૂ. ૭૬૮ના ભાવે **ગલ્ફ ઓઈલ લુબ્રિકન્ટ**ના શેરમાં પણ રોકાણ જાળવી રખાય અને ક્રૂડના ભાવ નીચા હોવાને કારણે ગલ્ફ ઓઈલ લુબ્રિકન્ટના શેરમાં મજબૂત વૃદ્ધિની જગ્યા છે.

ફક્ત રૂ. ૮.૩૫ના ભાવે મળી રહેલા **કોન્ફિડન્સ પેટ્રોલિયમ**નો શેર એક ફુદ્દા શેરની રીતે ધ્યાનમાં રાખજો. આ કંપની દ્વારા ગયા વર્ષે રૂ. ૩૫૦ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૧.૮૫ કરોડનો નેટ નફો મેળવ્યો હતો અને તેવી જ રીતે ડિસેમ્બર ક્વાર્ટર દરમ્યાન રૂ. ૧૨૦ કરોડના ટર્ન ઓવર ઉપર તેમાં રૂ. ૨.૮૭ કરોડનો નેટ નફો હાંસલ થયો હતો. બાવન અઠવાડિયામાં આ શેરમાં રૂ. ૪.૫૪નું ટોપ બનેલું અને તેથી અત્યારના રૂ. ૮.૩૫ના ભાવે ફુદ્દું ચાલી જાય તે આશાએ થોડાંક શેરો લઈને મૂકી દેવાય.

**નોવાગોલ્ડ પેટ્રો રિસોર્સિસ**નો શેર ફક્ત રૂ. ૨.૨૯ ઉપર છે. ફંડામેન્ટલ અંગે તો કોઈ કસ નથી, પરંતુ આવા ફુદ્દા શેર અત્યારે ચાલી રહ્યા છે અને તેથી સોએક શેરનું જોખમ પૈસા પડી ગયા છે તે ગણતરીએ લેવું હોય તો લઈ શકાય. જ્યારે **ઈસ્ટર્ન ગેસ**નો રૂ. ૭૧વાળો શેર પણ ફુદ્દાની દૃષ્ટિએ પકડવો ખોટો નથી. ઈસ્ટર્ન ગેસ દ્વારા ગયા વર્ષે રૂ. ૨૬૮ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૩.૧૪ કરોડનો નેટ નફો અને રૂ. ૨.૦૯ની શેર દીઠ કમાણી હાંસલ થયા હતા. ફંડામેન્ટલમાં દમ નથી પરંતુ કેવળ સટ્ટાકીય રીતે આ શેર લો છો તેમ સમજીને થોડાંક પૈસા રોકવા.

રૂ. ૪૩૮ના ભાવે **કેસ્ટ્રોલ**નો શેર ધ્યાનમાં રખાય.

ઓઈલ અને ગેસ સેક્ટરની બે મુખ્ય કંપનીઓ **ઓએનજીસી** અને **ઓઈલ ઈન્ડિયા** અત્યારે એકદમ મફતના ભાવ ઉપર ચાલી રહ્યા છે અને આ બંને શેરોમાં ઈન્વેસ્ટમેન્ટની રીતે થોડું થોડું રોકાણ કરતા જશો તો ૧૨થી ૧૮ મહિને તેમાં ૫૦ ટકા કરતાં વધારે રિટર્નની જગ્યા છે. આ બંને શેરોમાં ડિવિડન્ડ પણ સુંદર મળે છે અને તેથી ડિવિડન્ડની રીતે પણ લોંગટર્મ એંગલથી રોકાણ કરવામાં ફાયદો જ થશે.

ઓઈલ અને ગેસ સેક્ટરની ટોચની કંપની **રિલાયન્સ**માં ધીમો અપટ્રેન્ડ જળવાઈ રહ્યો છે અને તેથી તે શેરમાં રોકાણ જાળવી શકાય. આગામી દિવસોમાં આ શેરમાં ધીમો અપટ્રેન્ડ જોવા મળશે તેવી ગણતરી છે. સાથે સાથે રિલાયન્સ રિટેલ, રિલાયન્સ જીઓ, રિલાયન્સ લાઈફ સાયન્સ વગેરે કંપનીઓના આઈપીઓ પણ ડ્યુ છે અને તે રીતે પણ વેલ્યુ અનલોકિંગનો ફાયદો મળી શકશે.

ટેલિકોમ સેક્ટરમાં **ભારતી**ના આંકડા તો નબળા આવ્યા. રૂ. ૩૭૫ ઉપરના આ શેરમાં છેલ્લાં ૬ અઠવાડિયાથી અપટ્રેન્ડ ચાલી રહ્યો હતો અને હજી પણ આ શેરમાં અપટ્રેન્ડ જળવાઈ રહે તેવી ગણતરી છે. જ્યારે **આઈડિયા** અને **વોડાફોન**નું મર્જર થઈ રહ્યું હોવાથી અત્યારે રોકાણકારોનું આકર્ષણ આઈડિયાના શેરમાં ઘટી ગયું છે. પરંતુ જેમની પાસે શેર છે તેઓ જાળવી શકે અને મર્જર થયા પછી જે નવી કંપનીના શેર તમારી પાસે આવશે તેનો માર્કેટ હિસ્સો ખૂબ મોટો હશે અને તે રીતે પણ લોંગટર્મ ઈન્વેસ્ટમેન્ટની રીતે આઈડિયામાં પૈસા મળવાની જગ્યા છે.

ટાટાનો **ટીટીએમએલ** અત્યારે ફક્ત રૂ. ૭ ઉપર આવી ગયો છે. ટાટા ગ્રૂપ તેના ટેલિકોમ બિઝનેસ અંગે શું કરશે તે કદાચ તેમને પોતાને જ ખબર નથી અને અત્યાર સુધીમાં કોઈ પોઝિટીવ સંકેત નથી મળ્યો. પરંતુ ટાટાનું નામ છે એટલે શેર જાળવી રાખવો ખોટો નહિ.

**રિલાયન્સ કોમ્યુનિકેશન** અત્યારે શોર્ટટર્મ ઘટાડાના તબક્કામાં છે. ફક્ત રૂ. ૩૧.૪૦ ઉપર આવી ગયેલા આ શેરમાં હજી નાના ઘટાડાની જગ્યા છે.

ટેલિકોમ સેક્ટરમાં **સિટીઓનલાઈન સર્વિસ** નામનું એક ફુદ્દું રૂ. ૩.૪૮ના ભાવ ઉપર પડી રહ્યું છે. એમ જોઈએ તો ફંડામેન્ટલ રીતે તો આ શેરમાં પણ કોઈ કસ નથી પરંતુ અત્યારે આવા ફુદ્દાઓ જ દોડી જતાં હોય છે અને

## હૂડકોમાં લિસ્ટીંગ સામાન્ય
## પીએસપી પ્રોજેક્ટને ગ્રે માર્કેટે અવગણ્યુ

ગ્રે માર્કેટમાં લગભગ ૧ વર્ષ સુંદર ફેન્સી રહ્યા પછી છેલ્લાં ૨ આઈપીઓથી ગ્રે માર્કેટની ચાલ થોડીક નિરાશાજનક થઈ ગઈ છે. એસચંદના આઈપીઓમાં તો કડવો અનુભવ થયો અને તે પછી શુક્રવારે થયેલા હૂડકોના આઈપીઓમાં પણ નિરાશાજનક લિસ્ટીંગ આવ્યું છે.

ભારત સરકાર હસ્તકની આ કંપનીમાં ગ્રે માર્કેટના ખેલાડીઓ કંઈક ઊંધી ચાલ રમી ગયા કે જેને કારણે અનેક મોટાં માથાંઓ ગોથું ખાઈ ગયા છે. આઈપીઓની તારીખ જાહેર થઈ તેનાં ૧ મહિના પહેલાં જ હૂડકોમાં ગ્રે માર્કેટનું કામકાજ શરૂ થઈ ગયેલું અને તે વખતે રૂ. ૪૮-૫૦ના ભાવે આઈપીઓ આવશે તેવી ગણતરી હતી અને તે વખતે શરૂઆતમાં એક તબક્કે તો રૂ. ૨૭-૨૮નું પ્રિમિયમ ૨૮મી માર્ચે પડ્યું હતું અને કોષ્ટકના રૂ. ૧૧૦૦નો ભાવ બોલાયેલો.

હવે તે વખતના રૂ. ૫૦ની ઓફર કિંમતનો અંદાજ અને રૂ. ૨૮નું ગ્રે માર્કેટનું પ્રિમિયમ જોઈએ તો પણ નાંખી દેતાં રૂ. ૭૮-૮૦ના ભાવે લિસ્ટીંગ આવશે તેમ કોઈ પણ કહી જાય. પરંતુ તે પછી આઈપીઓની તારીખ અચાનક જ વિલંબમાં પડી ગઈ અને ૭મી એપ્રિલે આઈપીઓ અંગે કોઈ સ્પષ્ટતા ન હોવાથી ગ્રે માર્કેટના ખેલાડીઓએ કામ કરવાનું બંધ કરી દીધેલું અને તે વખતે રૂ. ૨૯નું ગ્રે માર્કેટનું પ્રિમિયમ ચાલતું હતું. લગભગ દસેક દિવસ રાહ જોવડાવ્યા પછી નવો પ્રાઈસબેન્ડ જાહેર થયો અને તેમાં રૂ. ૬૦ના અપરપ્રાઈસ બેન્ડમાં શેર આપવાની વાત કરાઈ અને તે વખતે ૧૫મી એપ્રિલે રૂ. ૨૭.૫૦-૨૯નું પ્રિમિયમ બોલાવાનું શરૂ થઈ ગયું અને તે એંગલથી જોઈએ અને ગ્રે માર્કેટને લિસ્ટીંગ ભાવના પ્રતિબિંબ તરીકે ગણીએ તો પણ રૂ. ૮૮-૯૦ વચ્ચે લિસ્ટીંગ આવશે તેમ કહી શકાય અને આ પ્રિમિયમ લગભગ ૧ મહિનો સતત જળવાયું. ૧૫મી એપ્રિલથી શરૂ થયેલું પ્રિમિયમનું કામકાજ છેક ૨૭મી એપ્રિલ સુધી તે લેવલ ઉપર જ જળવાઈ રહ્યું. પરંતુ ધીરે ધીરે તેમાં ઘટાડો થવાની શરૂઆત થઈ ગઈ. આઈપીઓ ૮મી મેએ ખૂલ્યો હતો અને ૧૧મી મેએ બંધ થયો હતો અને તેમાં રિટેલ ઈન્વેસ્ટરોને રૂ. ૨ના ડિસ્કાઉન્ટ એટલે કે રૂ. ૫૮ના ભાવે શેરો ઓફર થયા. ગ્રે માર્કેટમાં જોરદાર ફેન્સી હોવા છતાં અને અસંખ્ય રિટેલ ઈન્વેસ્ટરો આ ભરણાં માટે સજ્જ હોવા છતાં ૧૦મી મે સુધી તો રૂ. ૨૮નું પ્રિમિયમ ચાલુ રહ્યું અને તે વખતે કોષ્ટકનો ભાવ પણ રૂ. ૧૧૦૦ જળવાઈ રહ્યો હતો.

પરંતુ ૧૧મી મેએ આઈપીઓ જોરદાર રીતે ભરાયો અને નોર્મલ સંજોગોમાં જો ક્યુઆઈબી હિસ્સો ૫૫ ગણો ભરાયો હોય અને એનઆઈઆઈ હિસ્સો ૩૩૦ ગણો ભરાયો હોય ત્યારે રિટેલ હિસ્સો પણ ૧૦.૧૬ ગણો ભરાયો હોય તો ગ્રે માર્કેટનું પ્રિમિયમ એકદમ ઉંચકાઈ જાય. પરંતુ આ વખતે મુંબઈના ઓપરેટરો કોઈ અલગ ચાલ જ રમી ગયા છે અને ૧૧મી એપ્રિલે એક તરફ જોરદાર ઓવર સબસ્ક્રિપ્શનના આંકડાઓ આવવાનું શરૂ થઈ ગયું અને બીજી તરફ પ્રિમિયમ ઘટીને રૂ. ૨૪-૨૫ આસપાસ આવી ગયું. જ્યારે અપેક્ષા હતી કે પ્રિમિયમ વધીને રૂ. ૩૨ આસપાસ આવી જાય અને તે પછી તો પ્રિમિયમમાં ઘટાડાનો ટ્રેન્ડ આગળ વધતો ગયો. ૧૭મી મેએ એક તબક્કે રૂ. ૨૩નું પ્રિમિયમ બોલાયું અને લિસ્ટીંગના આગલા દિવસે એટલે કે ૧૮મીમેએ તો પ્રિમિયમ ઘટીને રૂ. ૧૭ પણ થઈ ગયું હતું. જ્યારે રાજકોટ અને તેની આસપાસના સેન્ટરોમાં તો ઓન્લી સેલર્સ અને કેવળ રૂ. ૧૩નું પ્રિમિયમ બોલાઈ ગયું હતું. આમ, જે ખેલાડીઓએ અને ઓપરેટરોએ ઉંચા ભાવે શેરો બજારમાંથી ખરીદ્યા તેમની હાલત કફોડી થઈ ગઈ છે. રૂ. ૨૮માં ખરીદેલો માલ સામે તેમને માંડ રૂ. ૧૫નો ભાવ જ મળી રહ્યો હતો અને તેથી જેમણે મોટા પાયે ખરીદી કરી તેમને શેર દીઠ રૂ. ૧૫નું નુકસાન જતું હતું.

ચાણક્ય દ્વારા આ અંગે મુંબઈનાં મોટાં માથાંઓ સાથે વાત કરાઈ અને આ ફંડ મેનેજરોનું મંતવ્ય છે કે આ વખતે ગ્રે માર્કેટના ઓપરેટરો થોડીક અલગ રમત રમ્યા. અગાઉનાં આઈપીઓમાં રિટેલ ઈન્વેસ્ટરો મોટા પાયે પોતાના શેરો પોતાના બ્રોકરો મારફતે ગ્રે માર્કેટમાં વેચી દેતા હતા. એટલે કે ગ્રે માર્કેટની જે ચેનલ ચલાવે છે તેમની નેટ લેવાલી આઈપીઓ દરમ્યાન રહેતી હતી. પરંતુ આ વખતે હૂડકોમાં પહેલેથી જ જોરદાર ફેન્સી હોવાથી રિટેલ ઈન્વેસ્ટરોએ ગ્રે માર્કેટમાં પોતાનાં શેરો વેચી દેવાને બદલે જાળવી રાખવાની વ્યૂહરચના અપનાવેલી. આ ઉપરાંત કેટલાંક મોટાં માથાંઓએ તો ગ્રે માર્કેટના દલાલ પાસેથી ૧૦૦૦-૨૦૦૦-૧૦૦૦૦ શેરો કવર કરેલા. કારણ કે લિસ્ટીંગ છેક રૂ. ૯૦-૯૬ આવશે તેવી અપેક્ષા હતી અને તેથી રૂ. ૨૫ના પ્રિમિયમે લીધેલા શેર ઉપર પણ નાંખી દેતાં રૂ. ૧૦ની નોટ મળશે તે ગણતરીએ ગ્રે માર્કેટના ખેલાડીઓએ ઓપરેટરો પાસેથી માલ ખરીદેલો. આમ, અગાઉના આઈપીઓમાં ગ્રે માર્કેટ ચેનલ ઓપરેટર નેટ લેવાલ હતા. જ્યારે આ વખતે તેઓ નેટ વેચવાલ બની જતાં તેમણે બાજી ઊંધી કરી નાંખી. એટલે કે પોતાનો રૂ. ૨૭-૨૮-૩૦માં વેચેલો માલ લિસ્ટીંગના દિવસે નીચા ભાવે કવર કરી શકાય તે માટે રૂ. ૫૮-૬૦માં અપાયેલા શેરોનું લિસ્ટીંગ જ રૂ. ૭૬માં પડાયું અને પહેલા કલાકને અંતે પણ રૂ. ૭૬-૭૭નો ભાવ જ જળવાઈ રહ્યો હતો.

આ વખતે એનઆઈઆઈ હિસ્સો પણ લગભગ ૩૩૦ ગણો ભરાયો છે અને સ્વાભાવિક છે કે એનઆઈઆઈ હિસ્સામાં આવું જોરદાર ભરણું થાય એટલે વ્યાજ પડતર પણ એકદમ ઊંચી જઈ રહી હોય. અન્ય આઈપીઓની સરખામણીમાં હૂડકોમાં એનઆઈઆઈના પૈસા થોડાં વધારે દિવસો માટે રહ્યા હતાં અને તેથી વ્યાજ પડતર લગભગ રૂ. ૨૫-૨૬ આવતી હતી અને હાઈનેટવર્થ ઈન્વેસ્ટરોની પડતર પણ રૂ. ૮૫ થતી હતી અને તેમને પણ જો રૂ. ૭૬-૭૭માં વેચવાનું આવે તો તેમને માથે પણ મોટું નુકસાન બુક કરવાનું આવે અને ઓપરેટર કમાઈ જાય તે સ્વાભાવિક છે. આમ, એસ.ચંદ પછી હૂડકોમાં ગ્રે માર્કેટ ચેનલ ઓપરેટર એચએનઆઈ અને રિટેલ ઈન્વેસ્ટરોને બરાબર બાટલામાં ઉતારી રહ્યા છે અને જો આ પ્રકારનો ટ્રેન્ડ બીજાં ૨-૩ ઈશ્યૂ ચાલુ રહ્યું તો આઈપીઓ માર્કેટ તરફ રિટેલ ઈન્વેસ્ટરોની ફેન્સી ખતમ થઈ જશે તે નક્કી છે.

અમદાવાદની પીએસપી પ્રોજેક્ટનું ટી સેગમેન્ટમાં લિસ્ટીંગ થવાની વાત પાછળ ગ્રે માર્કેટમાં કોઈ જ ફેન્સી નહોતી રહી. તેમ છતાં પ્રથમ દિવસના ભરણાંના આંકડા સંતોષકારક આવ્યા છે. પહેલે દિવસે રિટેલને ઓફર થયેલા ૧૦ લાખ શેરોમાંથી ૩૮ ટકા ભરણું થઈ ગયેલું અને બીજે દિવસે તો રિટેલ હિસ્સો ૧.૧૦ ગણો ભરાઈ ગયો હતો. આમ, ગ્રે માર્કેટની કોઈ જ ફેન્સી ના હોવા છતાં પીએસપી પ્રોજેક્ટમાં સુંદર ભરણું થઈ ગયું છે અને કદાચ લિસ્ટીંગમાં પણ સંતોષકારક રિટર્ન છૂટી જશે તેવી ગણતરી છે. ગ્રે માર્કેટ ફેન્સી ન હોવાને કારણે ભરણું મોટા પાયે ન થાય અને તે રીતે એલોટમેન્ટના ચાન્સ વધી જાય તે સ્વાભાવિક છે.

ગયા અઠવાડિયે બંધ થયેલા ઈન્ડિયા ટ્રસ્ટમાં પણ ગ્રે માર્કેટની કોઈ ફેન્સી ન હતી. અગાઉના અઠવાડિયે આવેલા આઈઆરબી આઈવીટના આઈપીઓમાં જે રીતે કોષ્ટકનો રૂ. ૫૦૦૦૦નો ભાવ બોલાતો હતો અને છેક હમણાં સુધી રૂ. ૯નું પ્રિમિયમ પણ ચાલતું હતું તેની સામે ઈન્ડિયા ટ્રસ્ટમાં કોષ્ટકના કોઈ જ કામકાજ ન હતા. પરંતુ ગ્રે માર્કેટમાં રૂ. ૭.૫૦નું પ્રિમિયમ હતું. આઈઆરબીમાં રૂ. ૫૦૦૦૦ના કોષ્ટકને કારણે જ જોરદાર ફેન્સી જોવાઈ હતી.

POLYMECHPLAST MACHINES LIMITED
(AN ISO 9001:2008 CERTIFIED COMPANY)
Regd. Office : "GOLD COIN HOUSE", Makarpura Industrial Estate,
775, G.I.D.C-Makarpura, Vadodara - 390 010.
CIN NO. L27310GJ1987PLC009517,
Phone No. 0265–2632210 E-Mail ID-pmldjs@polymechplast.com
TIN NO .24191600307 DATED 13/09/2005
CST NO . 24691600307 DATED 13/09/2005

સુચના

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રીકવાઈમેન્ટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪ મુજબ,આથી સુચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટીંગ ૨૯મી મે,૨૦૧૭,સોમવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ પર યોજાશે.જેનો હેતુ ૩૧મી માર્ચ,૨૦૧૭ના રોજ પુરા થતા ત્રિમાસિક તેમજ નાણાકીય વર્ષના અંતે ઓડીટેડ નાણાંકીય પરિણામોને મંજુર કરવાનો છે.વધુ વિગતો કંપનીની વેબસાઈટ www.polymechplast.com અને બીએસઈની વેબસાઈટ www.bseindia.com. પર મળશે.

બોર્ડ ઓફ ડીરેક્ટર્સ ના હુકમથી
Sd/-
ગૌરી બાપટ
કોમ્પ્લાયન્સ ઓફિસર

સ્થળ: વડોદરા
તારીખ :૧૯/૦૫/૨૦૧૭

SHRI JAGDAMBA POLYMERS LTD.
CIN : L17239GJ1985PLC007829
REGD. OFFICE : 802, NARNARAYAN COMPLEX,
NEAR NAVRANGPURA POST OFFICE , NAVRANGPURA
AHMEDABAD 380009, GUJARAT
Email: admin@jagdambapolymers.com,
website: www.shrijagdamba.com,
Tel: 079-26565792, Fax: 079-26430201

NOTICE

NOTICEis hereby given pursuant to Regulation 47 of SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015 that the Board of Directors meeting of **SHRI JAGDAMBA POLYMERS LIMITED** will be held on Tuesday, 30thMay, 2017 at the registered office of the company at 4:00 pm for consideration of 1.Audited quarterly results for Quarter ended on 31st March, 2017. 2. Audited financial results for the year ended on 31st March, 2017.3. To Recommend Dividend if any.4.Sub-Division of equity shares of the company from the Face Value of Rs 10/- per Equity Share to Rs 1/- per Equity Share.5.To alter the capital clause of the Memorandum of Associations.6.To alter the capital clause of the Article of Associations. 7.The sub division of equity shares, alteration of Memorandum of Association and Article of Association are subject to approval of shareholders, which will be sought in the Annual General Meeting of the company, and any other statutory and regulatory approval. Accordingly the Record date for the sub-division of shares will be announced in due course.8.Any other Matter which the Board deems fit, with the permission of the Chairman. Information in this regard is also available on the website of the company i.e. www.shrijagdamba.com and on the website of stock exchange i.e. www.bseindia.com

Also note that the trading window shall remain close from date of this letter till two Working days after the date of declaration of results i.e. from 20.05.2017 to 01.06.2017 (Both Days Inclusive).

For, Shri Jagdamba Polymers Ltd.
Sd/-
Dhruvi Patel
Company Secretary

Date : 20.05.2017
Place : Ahmedabad

POLYLINK POLYMERS (INDIA) LIMITED
Registered Office: 229-230,Village: Valthera,
Taluka – Dholka,Distt. Ahmedabad, Gujarat 387810
CIN : L17299GJ1993PLC032905 E-MAIL: polylink@polylinkpolymers.com
PH : 079-26427800 Fax : 079-26421864 www.polylinkpolymers.com

NOTICE OF BOARD MEETING

*Pursuant to Regulation 29 (1) of the SEBI (Listing obligation and Disclosure Requirements) regulations, 2015, Notice is hereby given that a Meeting of the Board of Directors of the Company is Scheduled on Tuesday 30th May, 2017 at 11.30 A.M. Inter alia to consider and take on record the Audited Financial Results for the Quarter and YearEnded as on31st March 2017and other Business items.*

For Polylink Polymers (India) Limited
Sd /
Ankit Vagerya
Company Secretary

Date: 20.05.2017
Place: Ahmedabad

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો






# CHANAKYA
NI POTHI

Ahmedabad 20-05-2017 Saturday


## Dhanlaxmi Bank reports Rs. 8.81-cr profit in Q4

Expenditure reduction, increase in non-interest income, quality lending and reining in of NPAs (non-performing assets) have enabled Kerala-based Dhanlaxmi Bank to register a net profit of Rs.8.81 crore in the fourth quarter of 2016-17 (FY17) after reporting a loss Rs.131.60 crore in the corresponding period last year.

For the year 2016-17, the bank registered a net profit of Rs.12.38 crore against a loss of Rs.209.45 crore in FY16.

A statement issued by the bank said that the net interest income in FY17 rose 9 per cent to Rs.331.6 crore from Rs.304.68 crore in FY16.

The cost of funds fell to 6.61 per cent in FY17 (7.5 per cent in FY16) and the cost-income ratio stood at 78.75 per cent compared with 99.14 per cent in FY16. Non-interest income rose 45 per cent to Rs.110 crore in FY17 from Rs.76.72 crore in FY16 .

CASA (current, savings account) deposits to total deposits stood at 29 per cent in FY17 against 25 per cent in FY16.

Gross NPA (non-performing assets) fell to Rs.315.60 crore in FY17 from Rs.458.92 crore in FY16, and net NPA to Rs.166.48 crore from 193.19 crore.

The bank has infused fresh equity capital of Rs.120 crore through preferential allotment of equity shares to 11 investors, which would take care of the bank's business growth in the coming financial years.

The thrust areas for current year (2017-18) are CASA deposits, retail loans, NPA recovery and non-interest income to ensure sustained and improved profitability, the release added.

**Chanakya's Take**

We have been recommending this stock since the last many issues and it has seen a strong uptrend. Still PSU banks are expected to do very well .

## IL&FS Transport may dump InvIT plan

IL&FS Transportation Networks Ltd (ITNL), one of the largest private sector BOT (build-operate-transfer) road operators in India may cancel its plans to raise fresh funds through investment infrastructure trust (InvIT). The company has been able to refinance debt of several of its projects at a cheaper rate, sources with knowledge of the matter.

The company is expected to take a final decision on whether to raise funds through InvIT or not by the end of the second quarter.

ITNL refused to comment citing the upcoming board meeting that will be conducted on May 27. "Given our imminent board and audit meetings, which have been announced to the exchanges, we are not in a position to convey matters particularly which are price sensitive in nature," Karunakaran Ramchand, Managing Director and Executive Director, IL&FS Transportation Networks.

ITNL had earlier announced (in Q3 FY17 earnings conference call) that InvIT route could help company reduce debt by around Rs.4,000 crore on a consolidated basis. ITNL consolidated debt stood at Rs.26,500 crore at the end of Q3 FY17. The company projected the debt at around Rs.27,000 crore on a consolidated basis for FY18.

The company had recently refinanced debt of two of four SPVs planned to be listed under the InvIT.

As per the company's BSE filings, in May, Jharkhand Road Projects Implementation Company Ltd (JRPICL), a subsidiary of ITNL, has refinanced its debt of Rs.1,730 crore by issue of NCDs at a weighted average coupon of 9.45 per cent a year reducing the interest cost by around 205 basis points.

Earlier in February another subsidiary of ITNL — Hazaribagh Ranchi Expressway Ltd (HREL) refinanced its Rs.715 crore debt by issue of NCDs at a weighted average coupon of 8.56 per cent payable semi-annually getting interest saving of around 282 basis points. Another two SPVs proposed under IL&FS Transportation InvIT are North Karnataka Expressways Ltd and Sikar Bikaner Highways Ltd .

According to the original plan, subscription to IL&FS Transportation InvIT units is planned to be raised through private placement while proceeds from subscription would be used to prepay a portion of existing bank loans and promoter subordinated debt.

## Rane (Madras) standalone net rises 36% in FY-17

Rane (Madras) Ltd has reported a 36 per cent increase in standalone net profit to Rs.19 crore for the year ending March 31, 2017, against Rs.14 crore in the previous year. Revenue was up 17 per cent to Rs.1,005 crore (Rs.862 crore).

The Chennai-based manufacturer of steering and suspension products and die-casting component said that better financial performance was due to strong demand from passenger car and commercial vehicle segments for steering and linkages divisions.

On a consolidated basis, the company reported a net profit of Rs.5 crore (Rs.13 crore) on revenue of Rs.1,219 crore (Rs.892 crore).

The board declared a final dividend of Rs.4 per equity share.

During the year, the performance in farm tractors segment remained subdued due to superior growth in unserved markets. Commencement of new businesses for steering and die-cast components led the growth from global customers and stringent cost control measures offset the impact of cost escalation, the company said in a communication to the BSE.

L Ganesh, Chairman, Rane Group, said after facing initial delivery issues and higher rejections, the new die-casting plant in Hyderabad is now stabilising. The company continues to pursue new customers in Europe and the US for steering and die-cast components.

**Vice-Chairman elected**

The board has elected Harish Lakshman as Vice-Chairman . He will guide and advise the company on business and policy matters along with the chairman. He has been on the board since March 31, 2004.

**Chanakya's Take**

Rane Group companies are fundamentally very strong and hence recommended as long term investments.

## Tata Steel's Q4 net loss narrows 62% to Rs 1,168 crore

Tata Steel announced that its consolidated net loss in the January-March quarter narrowed 62 per cent on a year-on-year basis – from Rs 3,042 crore in the same quarter the previous year to Rs 1,168 crore. The result came as a surprise as there had been a consensus forecast of a Rs 9,070 crore net profit.




The company's total income during the quarter stood at Rs 35,457 crore, against Rs 27,195 crore in the year-ago period.

The company reported an expenditure on exceptional items, including non-cash pension curtailment charges, aggregated to Rs 4,069 crore in the January-March quarter of 2016-17.

Accounting for exceptional items in consolidated financial statements includes accounting treatment from closure of defined benefit section of BSPS to future accruals in March 2017.

The company's Kalinganagar facility is well-positioned to serve the expected increase in demand in 2017-18 and beyond, Tata Steel said.

**Chanakya's Take**

As far as fundamentals are concerned, improvement is expected year on year. Valuations are still cheap compared to the potential. If you have still not bought, be sure to buy atleast a few shares. We are very bullish about this counter.

## *Mutual Fund Corr*[redacted]

## ICICI Pru Nifty Next 50 In[redacted]d

The objective of the fund is to invest in companies whose securities are included in Nifty Next 50 Index and to endeavor to achieve the returns of the above index as closely as possible.

The Scheme seeks to achieve long term capital appreciation by investing in upto 25 companies with long term sustainable competitive advantage and growth potential.

The fund is being managed by Mr. Kayzad Eghlim since June 2010.

The fund has 98.11% of the AUM invested in Equity, 2.18% in Debt.

The fund has a total of 50 stocks in its portfolio. NAV of the dividend option is Rs. 23.69 and that of the growth option is Rs. 23.69.

Minimum initial investment is Rs. 5000 and follow on amounts can be investments can be in multiples of Rs. 1000. Investment can also be done through SIP and for that minimum amount is Rs. 1000. Exit load is 0%..

The Fund manager has also invested in Godrej Consumer Products, Britannia, Motherson Sumi, JSW Steel , LIC Housing etc.

This fund can be compared to Birla Sun Life Special Situations Fund, Franklin India High Growth Companies Fund, ICICI Prudential Indo Asia Equity Fund.

| Top Holding | |
|---|---|
| UPL | 9.41 % |
| Bajaj Finserv | 9.23 % |
| Vedanta | 8.84 % |
| HPCL | 8.54 % |
| Bajaj Finance | 6.70 % |

| Portfolio Break-up | |
|---|---|
| Gian[redacted] | [redacted]% |
| Larg[redacted] | [redacted]% |
| Mid [redacted] | [redacted]% |
| Sma[redacted] | [redacted]% |

## Chennai Petro records 38% jump in net profit for FY-17

Chennai Petroleum Corporation Ltd (CPCL), a subsidiary of Indian Oil Corporation (IOC), has posted a 38 per cent increase in net profit to Rs.1,024 crore for the year ending March 31, 2017, against Rs.740 crore in the previous year.

This was the second highest net profit reported by the company in a fiscal with the previous best being in 2007-08.

Revenue was up by 16 per cent to Rs.40,586 crore (Rs.34,953 crore).



The company's board recommended a dividend of 210 per cent, representing Rs.21 per equity share. The dividend was the highest ever announced by the company with the earlier best being 170 per cent in 2007-08, according to B Ashok, Chairman, IOC.

In October 2014, CPCL was reporting to the Board for Industrial & Financial Reconstruction. Since then, its performance has improved, he said.

The improved financial performance was due to increase in quantity of products sold, physical performance, and favourable international prices of crude and products. This resulted in higher gross refining margin of $6.05 a barrel in 2016-17 against $5.27 a barrel in the previous year, he told newspersons.

CPCL achieved a throughput of 10.25 million tonnes during 2016-17, exceeding the MoU target of 10.25 million tonnes - after a gap of seven years. This was despite the impact of cyclone Vardah, said Gautam Roy, Managing Director, CPCL.

Roy said around Rs.5,200 crore will be spent on various projects, including Resid Upgradation Project and a new crude oil pipeline from Chennai port to the refinery.

**CPCL-IOC merger**

On the merger of CPCL with IOC, Ashok said due to high volatility, a standalone refinery is not viable when compared to an integrated and diverse project like IOC. "We believe that a merger of a subsidiary with parent organisation is helpful," he said.

The company told the foreign investor — Naftiran Intertrade Company Sàrl, a Swiss-based subsidiary of National Iranian Oil Company — in CPCL to infuse money or other options will be evaluated.

As of March quarter end, IOC holds 51.89 per cent in CPCL, the Iranian company 15.40 per cent and rest by domestic financial institutions and public.Funds are required to expand the company's Narimanam refinery to nearly 9 mt from 1 mt at an estimated cost of Rs.27,000 crore.

**Chanakya's Take**

We had recommended in last week's Ranchhodbhai's column. This share is a good long term bet. Don't worry if there is a small correction. PSU company and is expected to perform well.

## Tube Investments PBT rises 16 per cent in Q4

Tube Investments has reported a steep drop in profit after tax for the fourth quarter ended March compared with that of the previous year.

The cycles and accessories division was hit by demonetisation with trade sales and institutional sales impacted.

The Murugappa Group company has reported a net profit of Rs.72.50 crore (Rs.671.84 crore) for the quarter ended March 31, 2016, on a total income of Rs.1,200 crore (Rs.1,153.62 crore) on a standalone basis.

For the financial year 2016-17, the net profit was Rs.196.17 crore (Rs.730.93 crore) on a total income of Rs.4486.97 crore (Rs.4247.98 crore).

A press release quoting Ramkumar, Managing Director, said the auto industry registered a growth during the year which had a beneficial impact. But the cycles and accessories division has registered a revenue drop of 9 per cent during the year due to drop in institution sales.

Trade sales were affected due to demonetisation. Profit before interest and tax for the year was Rs.36 crore against Rs.79 crore in the previous year.

The engineering division registered revenue growth of 18 per cent during the quarter, aided by growth in exports. Profit before interest and tax for the quarter was Rs.25 crore against Rs.28 crore in the corresponding quarter of the previous year.

In metal formed products division, sale of automotive chains to OEMs was slightly lower than the previous year.

Profit before interest and tax for the year was Rs.92 crore against Rs.86 crore in the previous year, a growth of 7 per cent.

On a consolidated basis, including the financial services business, the company has reported a profit after tax of Rs.1,175.09 crore (Rs.788.74 crore) for 2016-17 on a total income of Rs.12,296.76 crore (Rs.10,906.62 crore).

Excluding exceptional items, company has reported a 16 per cent increase in Profit Before Tax and Exceptional Items at Rs. 65 crore during the quarter (Rs. 56 Crore in the comparable previous quarter).

There was a one-time exceptional item of stake sale in Chola MS General Insurance to JV partner Mitsui Sumitomo in the previous period. For the full year. TII has recorded a 69 per cent growth in Profit Before Tax and Exceptional Items at Rs. 238 Crore (Rs. 140 Crore).

**Chanakya's Take**

Share is in a correction phase right now. But once this phase is over, you can buy this Muruguppa company shares.

## Karnataka Bank Q4 net profit up 30% at Rs 138 cr

Private sector Karnataka Bank has reported a rise of about 30 per cent in net profit at Rs 138.37 crore for the last quarter ended March 31, 2017.

It had posted a net profit of Rs 106.79 crore during January-March period of 2015-16.

Total income during March quarter rose to Rs 1,606.19 crore in 2016-17, from Rs 1,447.68 crore a year ago, the bank said in a regulatory filing.

For full fiscal ended March 2017, bank's net profit increased to Rs 452.56 crore, up 9 per cent, from Rs 415.29 crore in 2015-16.

Income in the entire fiscal rose to Rs 5,994.74 crore, from Rs 5,535.07 crore.

On asset front, net non-performing assets (NPAs) were 2.64 per cent of the net advances at the end of March 2017, slightly up from 2.35 per cent year ago. Gross NPAs or bad loans rose to 4.21 per cent as a percentage of gross advances made by the end of fiscal, from 3.44 per cent year ago.

Due to a restricted level of bank's bad assets, there was only a small rise in provisioning and contingencies allocation to Rs 160.40 crore for the quarter, against Rs 112.50 crore year ago.



Board of the bank has declared a dividend of Rs 4 per share for 2016-17, Karnataka Bank said.

**Chanakya's Take**

ICICI Bank has taken a small stake in Karnataka Bank and there are news abound in the market that either ICICI Bank or some other bank will take over this bank.Share prices are not ready to slow down.Since January, there has been a steep rise. You can also buy at current level for short term or long term.

## South Indian Bank Q4 net profit rises to Rs 75.54 crore

South Indian Bank reported a slight increase in net profit for the March quarter due to higher net interest income.

Net profit rose to Rs 75.54 crore for the three months ended 31 March from Rs 72.97 crore a year ago.

Net interest income, or the core income a bank earns by giving loans, increased 17.31% to Rs 439.1 crore from Rs 374.29 crore a year ago.

Provisions and contingencies fell marginally to Rs 165.30 crore in the March quarter from Rs 206.63 crore in the previous quarter.

As a percentage of total loans, gross NPAs were at


**POLYLINK POLYMERS (INDIA) LIMITED**

*Registered Office: 229-230,Village: Valthera, Taluka – Dholka,Distt. Ahmedabad, Gujarat 382225*

**CIN : L17299GJ1993PLC032905 E-MAIL: polylink@polylinkpolymers.com**
**PH : 079-26427800 Fax : 079-26421864 www.polylinkpolymers.com**

**NOTICE OF BOARD MEETING**

*Pursuant to Regulation 29 (1) of the SEBI (Listing obligation and Disclosure Requirements) regulations, 2015, Notice is hereby given that a Meeting of the Board of Directors of the Company is Scheduled on Tuesday 30th May, 2017 at 11.30 A.M. Inter alia to consider and take on record the Audited Financial Results for the Quarter and YearEnded as on31st March 2017and other Business items.*

**For Polylink Polymers (India) Limited**
**Sd /**
**Ankit Vageriya**
**Company Secretary**

***Date: 20.05.2017***
***Place: Ahmedabad***

**SHRI JAGDAMBA POLYMERS LTD.**

**CIN : L17239GJ1985PLC007829**
**REGD. OFFICE : 802, NARNARAYAN COMPLEX,**
**NEAR NAVRANGPURA POST OFFICE , NAVRANGPURA**
**AHMEDABAD 380009, GUJARAT**
**Email: admin@jagdambapolymers.com,**
**website: www.shrijagdamba.com,**
**Tel: 079-26565792, Fax: 079-26430201**

**NOTICE**

**NOTICE**is hereby given pursuant to Regulation 47 of SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015 that the Board of Directors meeting of **SHRI JAGDAMBA POLYMERS LIMITED** will be held on Tuesday, 30thMay, 2017 at the registered office of the company at 4:00 pm for consideration of 1.Audited quarterly results for Quarter ended on 31st March, 2017. 2. Audited financial results for the year ended on 31st March, 2017.3. To Recommend Dividend if any.4.Sub-Division of equity shares of the company from the Face Value of Rs 10/- per Equity Share to Rs 1/- per Equity Share.5.To alter the capital clause of the Memorandum of Associations.6.To alter the capital clause of the Article of Associations. 7.The sub division of equity shares, alteration of Memorandum of Association and Article of Association are subject to approval of shareholders, which will be sought in the Annual General Meeting of the company, and any other statutory and regulatory approval. Accordingly the Record date for the sub-division of shares will be announced in due course.8.Any other Matter which the Board deems fit, with the permission of the Chairman. Information in this regard is also available on the website of the company i.e. www.shrijagdamba.com and on the website of stock exchange i.e. www.bseindia.com

Also note that the trading window shall r[redacted]e of this letter till two Working days after the date[redacted]sults i.e. from 20.05.2017 to 01.06.2017 (Both Da[redacted]

**For, Shri Ja**[redacted]**Ltd.**

**Date : 20.05.2017**
**Place : Ahmedabad**

**Co**[redacted]

**POLYMECHPLAST MACHINES LIMITED**

**(AN ISO 9001:2008 CERTIFIED COMPANY)**
**Regd. Office : "GOLD COIN HOUSE", Makarpura Industrial Estate, 775, G.I.D.C-Makarpura, Vadodara - 390 010.**
**CIN NO. L27310GJ1987PLC009517,**
**Phone No. 0265–2632210 E-Mail ID-pmldjs@polymechplast.com**
**TIN NO .24191600307 DATED 13/09/2005**
**CST NO . 24691600307 DATED 13/09/2005**

**NOTICE**

NOTICE is hereby given that Pursuant to regulation 29 read with Regulations 47 of SEBI (Listing obligations and Disclosures Requirements) Regulations, 2015, a meeting of the Board of Directors of the Company will be held on Monday, May 29, 2017at 11.00 am ,inter-alia,to consider and approve the audited Financial Results of the Company for the last quarter ended and Year ended 31st March, 2017.

The said information is also available on the Company's website at www.polymechplast.com and may also be available on the Stock Exchange at www.bseindia.com.

**For Polymechplast Machines Limited**
**Sd/-**
**(Guari Bapat)**
**Compliance Officer**

**Place : Vadodara**
**Date : 19th May, 2017**